નં. સીબી/જમીન-૨/એન.એ./એસ.આર. ૧૦૬૨/૧૬
જિલ્લા કલેકટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા. ૧૬/૦૮/૨૦૧૬

**વંચાણમાં લીધું :-**

(૧) અરજદારશ્રી નિતીનભાઈ પરસોત્તમદાસ પટેલ વિગેરે રહે. મુખીની ખડકી, ત્રાગડ ગામ, તા. ઘાટલોડીયા, જી. અમદાવાદની જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૨૮/૦૪/૨૦૧૬ની મુળઅરજી.

(૨) સીટી મામલતદારશ્રી ઘાટલોડીયા ની ધોરણસરની દરખાસ્ત નં. જમીન/એન.એ./એસ.આર. ૧૪૪/૨૦૧૬, તા. ૧૩/૦૬/૨૦૧૬.

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદના તા.૨૦/૦૫/૨૦૧૬ના પત્ર નં. એસીબી/ટીએનસી-૩/બીનખેતી/અભિપ્રાય/ત્રાગડ/એસ.આર.૫૨૩/૨૦૧૬ નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૪) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો તા. ૨૦/૦૫/૨૦૧૬નો પત્ર નં.યુ.એલ.સી./ત્રાગડ/એન.એ./એસ.આર.૪૯૨/૨૦૧૬ નો શ.જ.ટો.મ.સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૨૭/૦૫/૨૦૧૬ નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/૧૩૩૨/૨૦૧૬ નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૨/૦૬/૨૦૧૬ નો પત્ર નં. એલએક્યુ/એન.એ/અભિપ્રાય/એસ.આર. ૧૫૭૦/૨૦૧૬ નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા. ૧૭/૦૫/૨૦૧૬ નો શેરા નં. એલબી/અપીલ/ત્રાગડ-૧૬૭/૨ અપીલ/રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫,૬૬,૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/૧૦૧ મુજબ.

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

અરજદારશ્રી નિતીનભાઈ પરસોત્તમદાસ પટેલ વિગેરે ના ખાતાની મોજે. ત્રાગડ, તા.ઘાટલોડીયા, જી.અમદાવાદ ના સર્વે નંબર ૧૬૭/૨, ટી.પી. ૨૩૩, ફા.પ્લોટ નં. ૧ ની ૧૯૨૪ ચો. મી. જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું સોગંદનામુ રજુ કરેલ છે.

જીલ્લા કલેક્ટર અમદાવાદ

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર વેચાણ હકકથી ધરાવે છે. આ જમીનના તા. ૧૭/૦૫/૨૦૧૬ ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે જમીન ખુલ્લી - પડતર છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઈટલ ક્લીયર છે. પ્રશ્નવાળી જમીન અંગે ગણોત, યુ.એલ.સી. તથા લીગલ સંદર્ભે હકારાત્મક અભિપ્રાય આવેથી અરજદારની માંગણી મુજબ બિનખેતી પરવાનગી આપવા અત્રેથી હરકત સરખું જણાતું નથી તેમ અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ છે.

NOTARY T. R. CHAVDA B. K. Dist. Gujarat State (India) Reg No. 6885 GOVT. OF INDIA

નં. સીબી/જમીન-૨/એન.એ. /એસ.આર. ૬૫૪/૧૪
જિલ્લા કલેકટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા. ૧૯/૧૧/૨૦૧૪

TRUE COPY
T. R. CHAVDA
NOTARY
GOVT. OF INDIA

**વંચાણમાં લીધું :-**

(૧) અરજદાર - ખાતેદારશ્રી **નટવરભાઈ શીવાભાઈ પટેલ** વિગેરે રહે.**બી/૭-૮, પાર્કવ્યુ બંગ્લોઝ, આનંદ બંગ્લોઝની સામે, થલતેજ, અમદાવાદની** જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૨૨/૦૭/૨૦૧૪ની મુળ અરજી.

(૨) સીટી મામલતદારશ્રી (પશ્ચિમ)ઘાટલોડીયાની ધોરણસરની દરખાસ્ત નં. જમીન/બીનખેતી/એસ.આર. - **૯૫/૧૪, તા. ૦૮/૦૮/૨૦૧૪.**

(૩) સીટી ડેપ્યુટી કલેકટરશ્રી (પશ્ચિમ), અમદાવાદના પત્ર નં. સીડીસી (પશ્ચિમ)/ટીપીએસ/બિનખેતી/એસ.આર. **૬૬/૨૦૧૪, તા. ૨૫/૦૮/૨૦૧૪**થી આપેલ મહેસુલી ટાઇટલ અંગેનું પ્રમાણપત્ર.

(૪) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદ ના તા. **૦૧/૦૯/૨૦૧૪**ના પત્ર નં. એસીબી/ટીએનસી/બીનખેતી/ત્રાગડ/એસ.આર. ૭૫/૨૦૧૪નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો **તા. ૩૧/૦૭/૨૦૧૪**નો પત્ર નં.યુ.એલ.સી./ત્રાગડ/એન.એ./એસ.આર.૪૩૩/૨૦૧૪નો શ.જ.ટો.મ. સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૨૫/૦૮/૨૦૧૪નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/ ૫૩૨૨/૨૦૧૪નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૫/૦૮/૨૦૧૪નો પત્ર નં. એલએક્યુ/બિ.ખે.અભિપ્રાય/ એસ.આર. ૧૫૫૧/૨૦૧૪- ત્રાગડનો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા.૦૧/૦૮/૨૦૧૪નો શેરા નં. એલબી/અપીલ/ત્રાગડ-સ.નં. ૨૦૦/૨બનો અપીલ / રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૯) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫, ૬૬, ૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/ ૧૦૧ મુજબ.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

અરજદારશ્રી **નટવરભાઈ શીવાભાઈ પટેલ** વિગેરેએ તેઓના ખાતાની **મોજે. ત્રાગડ, તા. સીટી (પશ્ચિમ), જી. અમદાવાદ ના સર્વે નંબર ૨૦૦/૨બ, ટી.પી. ૨૩૩, ફા.પ્લોટ નં. ૩૩ની ૧૪૫૦૭ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ** માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું સોગંદનામું તથા જે બાંધકામ કરવા માંગે છે તેના સુચિત પ્લાનની નકલ વિગેરે રજુ કરેલ છે.

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ - (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર વેચાણ હક્કથી ધરાવે છે. આ જમીનના તા. ૨૧/૭/૨૦૧૪ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે જમીન ખેડ પડતર છે તેમજ સદર જમીનમાં નાનાં - મોટા ઝાડ આવેલ છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઇટલ કલીયર છે. સદર જમીનની રહેણાંક હેતુ બીનખેતીની પરવાનગી આપવા માંગણીમાં કોઇ વાંધાસરખું જણાતું નથી તેમ હકારાત્મક અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ છે.